Toppersnotes®
Unleash the topper in you

# ગુજરાત

## પોલીસ કોન્સ્ટેબલ

Gujarat Police Recruitment Board

ભાગ - 3

### ભારતનો ઇતિહાસ, ભૂગોળ, કલા અને સંસ્કૃતિ

SIERRA INNOVATIONS

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| **ભારતનો ઇતિહાસ** | | |
| 1. | ઇતિહાસનો પરિચય અને સિંધુ સભ્યતા | 1 |
| 2. | વેદિક સભ્યતા | 8 |
| 3. | ભારતમાં પ્રથમ ધાર્મિક ક્રાંતિ : જેન ધર્મ - બોધ્ધ ધર્મ | 12 |
| 4. | મોર્ય વંશ અને મોર્યત્તર સામાજ્ય | 18 |
| 5. | ગુપ્ત વંશ અને ગુપ્તોત્તર સામાજ્ય | 25 |
| 6. | ભારત પર આરબ આક્રમણ | 37 |
| 7. | ભારતનો મુઘલ કાળ | 47 |
| 8. | ભારતમાં યુરોપિયન પ્રજાનું આગમન | 53 |
| 9. | 1857નો મહાસંગ્રામ | 59 |
| 10. | સ્વતંત્રતા સંગ્રામ - 1 | 71 |
| 11. | સ્વતંત્રતા સંગ્રામ - 1905 થી 1916 | 75 |
| 12. | સ્વતંત્રતા સંગ્રામ - 1917 થી 1930 | 79 |
| 13. | સ્વતંત્રતા સંગ્રામ - 1930 થી 1942 | 88 |
| 14. | સ્વતંત્રતા સંગ્રામ - 1942 થી 1948 | 95 |
| **ભારતનો ભૂગોળ** | | |
| 15. | ભારતનું સ્થાન, સીમા, અંતર અને ભારતના અક્ષાંશ રેખાંશ | 102 |
| 16. | ભારતના પર્વતો | 108 |
| 17. | ભારતની જમીનનું સ્વરૂપ, પ્રકાર અને ખડકોનું વર્ગીકરણ | 115 |
| 18. | આબોહવા અને ઋતુઓનું વર્ગીકરણ | 121 |
| 19. | ભારતનું જળપવાહતંત્ર | 125 |
| 20. | ભારતની સિંચાઇ યોજના - અગત્યનાં ડેમ - સરોવરની વિશેષતા | 133 |
| 21. | ભારતનો સમુદ્ર | 141 |

| | | |
|---|---|---|
| 22. | ભારતના જંગલો | 147 |
| 23. | ભારતમાં પરિવહનનું માળખું | 153 |
| 24. | ભારતની વસ્તી વિષયક વર્ગીકરણ અને પ્રજાતિ અને જનજાતિ | 162 |
| 25. | ભારતનાં ખનીજ સંસાધનો | 169 |
| 26. | ભારતના ઉદ્યોગ અને ઓદ્યોગિક વિકાસ | 179 |
| **કલા અને સંસ્કૃતિ** | | |
| 27. | ગુજરાતના લોકમેળાઓ અને ઉત્સવો (ભાગ-1) | 188 |
| 28. | ગુજરાતના લોકમેળાઓ અને ઉત્સવો (ભાગ-2) | 193 |
| 29. | ગુજરાતના લોકમેળાઓ, ઉત્સવો, સમાજસેવકો અને સંતો | 197 |
| 30. | ગુજરાતનાં લોકનૃત્યો, નૃત્યકારો અને સંગ્રહાલયો | 203 |
| 31. | વાવ-સ્થાપત્ય, કુંડ - કિલ્લાઓ અને ગુજરાતની વખણાતી વસ્તુ | 210 |
| 32. | ગુજરાતના પ્રખ્યાત મહેલ, ગુજરાતનું ગુફા સ્થાપત્ય, લોક ચિત્રકલા અને . તેના પ્રખ્યાત ચિત્રકારો | 215 |
| 33. | ગુજરાતનાં પ્રમુખ પુસ્તકાલયો, નાટ્યકારો, સંગીત તેમજ સંગીતકારો | 224 |
| 34. | ગુજરાતનાં પર્યટન સ્થળો અને તીર્થસ્થળો | 234 |
| 35. | આદિવાસી સંસ્કૃતિ | 242 |

# 1 CHAPTER ઈતિહાસનો પરિચય અને સિંધુ સભ્યતા

❖ ઈતિહાસ એટલે શું ?

**ઈતિહાસના મુખ્ય પ્રકાર**

- પ્રાગ ઐતિહાસિક
- આદ્ય ઐતિહાસિક
- ઐતિહાસિક

**ઈતિહાસ જાણવાની રીત**

**યુરેનિયમ ડેટિંગ :** 50 હજાર વર્ષથી વધુ સમયની પૌરાણિક અવશેષોની માહિતી આપતું શાસ્ત્ર

**કાર્બન ડેટિંગ :** 50 હજાર વર્ષ સુધી સમયની પૌરાણિક અવશેષોની માહિતી આપતું શાસ્ત્ર

**ન્યુમિસ મેટિક :** સિક્કાઓનું અધ્યયન કરતી શાખા

**પેટ્રા ગ્યાયલોપ્સ :** ભીંતચિત્ર અને ચિત્રકલાનું અધ્યયન કરતું શાસ્ત્ર

**એપીગ્રાફી :** શિલાલેખો અને અભિલેખોનું અધ્યયન કરતું શાસ્ત્ર

**ઈતિહાસ જાણવાના અગત્યના સ્રોત**

- સાહિત્યના આધારે ઈતિહાસ
  - સાહિત્ય
  - લખનાર
- સિક્કાઓના આધારે ઈતિહાસ
  - હિન્દુ શાસકોના સિક્કા
  - મુસ્લિમ શાસકોના સિક્કા
- બાંધકામ આધારે ઈતિહાસ
  - શિલાલેખ
  - અભિલેખ
- વિદેશી વૃત્તાંતના આધારે ઈતિહાસ
  - ચીની મુસાફર
  - ગ્રીક મુસાફર
  - આરબ મુસાફર

❖ **ઈતિહાસના પિતા :**


➢ હેરોડોટ્સને ઈતિહાસના પિતા માનવામાં આવે છે.

➢ તે ગ્રીક વિદ્વાન હતા. સૌપ્રથમ તેમણે ઈતિહાસને ક્રમબદ્ધ લખવાની શરૂઆત કરી.

➢ તેમણે સૌપ્રથમ 'History' શબ્દનો પ્રયોગ શરૂ કર્યો.

➢ આથી તેમને 'Father of History' તરીકે ઓળખવામાં આવે છે.

➢ તેમણે ઈતિહાસનું પ્રખ્યાત પુસ્તક લખ્યું 'Historica'



❖ **ભારતના ઈતિહાસના પિતા :**




➢ મેગેસ્થેનીઝ એ ભારતના ઈતિહાસના પિતા ગણાય છે.

➢ જે સેલ્યુક્સ નિકેટનના રાજદૂત તરીકે ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં આવ્યા હતા.

➢ તેમણે ઈન્ડિકા નામના ગ્રંથમાં તે સમયના ઈતિહાસનું ક્રમબદ્ધ વર્ણન કર્યું હતું.

❖ **ભારતીય પુરાતત્ત્વ ખાતાના જનક :**




➢ 'સર ઍલેક્ઝાન્ડર કનિંઘમ'ને ભારતીય પુરાતત્ત્વ ખાતાના જનક માનવામાં આવે છે.

➢ 1861માં વાઈસરોય કેનિંગની મદદથી Archeologycal Survey of India ની શરૂઆત કરી.

➢ તેઓ પ્રથમ ડાયરેક્ટર ઑફ જનરલ બન્યા. તેનું વડું મથક સિમલામાં હતું.

➢ વર્તમાનમાં આ ખાતું કેન્દ્રીય પર્યટન અને સંસ્કૃતિ મંત્રાલય હેઠળ આવે છે.

❖ **ભારતીય પ્રાગ ઐતિહાસિક પુરાતત્ત્વ જનક :**



➢ ભારતીય પ્રાગ ઐતિહાસિક પુરાતત્ત્વ જનક રૉબર્ટ બ્રુસ ફૂટને માનવામાં આવે છે.

➢ તમિલનાડુના ચિંગલપુર અને મદ્રાસના પલ્લવરમ્ નામના સ્થળે 30 મે, 1863 ઐતિહાસિક હસ્ત કુહાડીની શોધ કરી હતી.

➢ તેમનું પુસ્તક Antiquities of South India છે.

❖ **ઈતિહાસ જાણવાના સ્રોત અંગેની સમજૂતી :**

❖ **સંસ્કૃતિ અને સભ્યતા અંગેનો મુખ્ય તફાવત :**

| **વિશ્વની મહાન સંસ્કૃતિઓ** | | |
|---|---|---|
| **સંસ્કૃતિનું નામ** | **સ્થાન** | **નદી** |
| મિસરની સંસ્કૃતિ | ઈજિપ્ત | નાઈલ |
| મેસોપોટેમિયા | મેસોપોટેમિયા | ટાઈગ્રીસ |
| સિંધુ સંસ્કૃતિ | દક્ષિણ એશિયા | સિંધુ |
| હવાંગહો સંસ્કૃતિ | પૂર્વીય ચીન | હવાંગહો |

❖ **સભ્યતા મળવા અંગેનો તર્ક :**

ભારતમાં ડેલહાઉસીના સમયમાં રેલવેના વિકાસની શરૂઆત થઈ ત્યારબાદ જરૂરિયાત અનુસાર રેલવેનું જાળું વધારવામાં આવ્યું. તે દરમિયાન 1826માં મુલ્તાન અને લાહોર વચ્ચે રેલવે વિકાસનાં સમય દરમિયાન માટીની ઈંટના અવશેષો હડપ્પા નામના સ્થાને મળી આવતા. આમ, પ્રથમ અવશેષ રાવી નદીના કિનારે હડપ્પા નામના સ્થળે ઈંટ મળી. આમ, પ્રથમ અવશેષ રાવી નદીના કિનારે મળ્યો.

❖ **સિંધુ સભ્યતાનું નામકરણ : નામ/ઓળખ**

(1) **હડપ્પા સભ્યતા :** ખોદકામ દરમિયાન સૌપ્રથમ હડપ્પા નામના સ્થાનેથી અવશેષોની પ્રાપ્તિ થઈ અને સભ્યતાની ઓળખ થઈ. આથી સભ્યતા હડપ્પા સભ્યતાના નામથી ઓળખાય છે.

(2) **મોહે-ન્જો-દડો સભ્યતા :** તમામ સભ્યતામાં ભૌગોલિક રીતે સૌથી મોટું અને બહુમાળી ભવન ધરાવતું નગર હોવાથી મોહેં-જો-દડો સભ્યતા નામ પ્રચલિત થયું.

(3) **સિંધુ સરસ્વતી સભ્યતા :** ભૌગોલિક રીતે સંપૂર્ણ સભ્યતાના અવશેષોમાંથી મોટાભાગના અવશેષોની પ્રાપ્તિ સિંધુ તેમજ સરસ્વતી નદીની આસપાસ મળ્યા, જેથી સિંધુ સરસ્વતી સભ્યતા નામ પ્રચલિત થયું.

(4) **કાંસ્ય યુગીન સભ્યતા :** આ સભ્યતામાં મૂર્તિ તેમજ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓમાં સૌથી વધુ કાંસાનો પ્રયોગ થયેલો જોવા મળે છે. આથી તેને કાંસ્ય યુગીન સભ્યતા કહેવાય છે.

(5) **પ્રથમ નગરીય ક્રાન્તિ :** આ સભ્યતામાં સૌપ્રથમ રસ્તાઓ, મકાનો, ગટરો અને આબેહૂબ બાંધકામો જોવા મળે છે. જે એક સુનિયોજિત નગરરચના હોવાના પુરાવા રજૂ કરે છે. આથી તેને પ્રથમ નગરીય ક્રાન્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

❖ **સિંધુ સભ્યતાની નિર્માતા મુખ્ય વસ્તી**

(1) **પ્રોટોઓસ્ટ્રોલાઈડ :**
આ પ્રજાતિ સિંધુ ક્ષેત્રમાં આવનારી પ્રથમ પ્રજાતિ માનવામાં આવે છે. જે હાલ મધ્ય ભારતમાં અનુસૂચિત જાતિ અને આદિજાતિ તરીકે ઓળખાય છે.

(2) **ભૂમધ્ય સાગરીય :**
આ પ્રજાતિને સિંધુ સભ્યતાનું નિર્માણ કરનાર પ્રજાતિ માનવામાં આવે છે. જે હાલ દક્ષિણ ભારતમાં વસવાટ કરે છે.

(3) **અલ્પાઈન :**
સિંધુ સભ્યતાની આ પ્રજાતિ મોટાભાગે સિંધ પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ જેવા પ્રદેશોમાં જોવા મળે છે અને સાથેસાથે મધ્ય ગંગા અને દક્ષિણ ગંગાના પ્રદેશમાં વધુ જોવા મળે છે.

**સિંધુ સભ્યતાની ભૌગોલિક બાબત**

**એશિયાના સંદર્ભે**
દક્ષિણ એશિયાના ત્રણ દેશમાં તેનો વિસ્તાર જોવા મળે છે
અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ભારત

**ભારતના સંદર્ભે**
કાશ્મીર/માંડા, ચિનાબ નદી
બલુચિસ્તાન સુક્તાગેન્ડોર, દમાસ્ક નદી
ઉત્તર પ્રદેશ આલમગીર, હિન્ડન નદી
મહારાષ્ટ્ર દાઈમાબાદ, ગોદાવરી નદી

Toppersnotes Unleash the topper in you

❖ **સિંધુ સભ્યતાના મળી આવેલા મુખ્ય અવશેષોની સમજૂતી**

(1) **સિંધુ સભ્યતાનાં મકાનો :** શાંતિપ્રિય, સ્વચ્છ, સ્વસ્થ નગરીય રચનાની અવધારણા.

(2) **સિંધુ સભ્યતાના રસ્તાઓ :** $9.75 \times 3.25$, $90^0$, ચોક્કસ અંતરે ખાડાઓ, કચરાપેટી, રાત્રિ પ્રકાશની વ્યવસ્થા.

(3) **સિંધુ સભ્યતામાંથી મળી આવેલાં માટીનાં વાસણો :**
1) સાદાં વાસણો : અનાજ - પાણીના સંગ્રહ માટેના વિશેષ વાસણો.
2) માટીનાં વાસણો - ચિત્રિત વાસણો જેમાં લાલ અને કાળારંગથી વિશેષરૂપે ચિત્રણ કરવામાં આવેલું હોય, જેમાં નૃત્ય, પક્ષી, ભૌમિતિક રચનાઓ જોવા મળે છે.

(4) **સિંધુ સભ્યતામાંથી મળી આવેલી કબરો :**
➢ અંતિમ સંસ્કારની 2 વિધિઓ પ્રચલિત હતી. 30 વર્ષથી નાની ઉંમર અનાગ્નિદગ્ધ, 30 વર્ષથી વધુ ઉંમર અગ્નિદગ્ધ યુગલ/જોડિયા કબર, જીવનજરૂરિયાતના અવશેષો, ભૂકંપ આવવાની અવધારણા.

(5) **સિંધુ સભ્યતાના આંતરરાષ્ટ્રીય વેપારની પુષ્ટિ :**
➢ લોથલ અને સૂક્તાગેડોર બંદરેથી આંતરરાષ્ટ્રીય વ્યાપારના પુરાવા મળે છે.
➢ લોથલમાં બનેલા મણકાઓ હાલના ઈરાકમાંથી મળ્યા અને ધોળાવીરાનું સુતરાઉ કાપડ સુમેરૂમાંથી મળ્યું.

(6) **સિંધુ સભ્યતાની ગણિત તેમજ રાસાયણિક જાણકારી :**

➢ સભ્યતાએ આંતરરાષ્ટ્રીય વ્યાપાર કરેલો છે, જેમાં પૂરતા પ્રમાણના અવશેષો બે બંદર તરીકેના છે; લોથલ અને સૂકતાગેડોર.

➢ કોઈ પણ વ્યાપાર એ ગણિત વિના શક્ય નથી. આમ, હાથીદાંતમાંથી બનેલાં ત્રાજવાં અને સમુદ્ર કિનારાના કિંમતી પથ્થરો વજનિયાં તરીકે મળેલાં છે. જે સભ્યતાના ગણિતના જ્ઞાનની પુષ્ટિ આપે છે, કારણ કે આ વજનિયાં 4ના ગુણાંકમાં હતાં. આથી, સભ્યતા વર્ગમૂળ, ઘનમૂળથી પરિચિત હતી. આમ, કહી શકાય.

➢ બનાવટમાં મકાન અને ભવન નિર્માણમાં સિમેન્ટ અને ચૂનાના સ્થાને ઇમારતી લાકડું, ડામર અને જિપ્સમ વાપરવામાં આવે છે, જે સભ્યતાની રસાયણ જાણકારીની પુષ્ટિ આપે છે.

(7) **સિંધુ સભ્યતામાંથી મળી આવેલી મૂર્તિઓ અંગેની સમજૂતી :** સભ્યતામાં મુખ્ય સ્થાને કાંસાના અવશેષો મળી આવે છે, આથી કાંસ્ય યુગીન સભ્યતા માનવામાં આવે છે. સભ્યતાના ચિત્રકાર આબેહૂબ ચિત્રકલામાં માહીર હતા. પણ, સૌથી વધુ માહેર કાંસ્ય અને માટીની જોવા મળે છે. મોહે-ન્જો-દડોમાંથી ધ્યાન અવસ્થામાં, બેઠેલા માનવ/દેવતાની પ્રતિમા મળી આવી છે, જેમાં તેણે ત્રણ શિંગવાળો મુગટ ધારણ કર્યો છે. તેની ચારેબાજુ પશુઓ છે, જેમાં જમણે-હાથી, વાઘ અને ડાબે-ગેંડો, ભેંસ, નીચે બે હરણ - જે પશુપતિનાથની પ્રતિમા તરીકે ઓળખાય છે.

➢ ટેરાકોટાની પ્રતિમા બનાવવા માટે પાકી માટીનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

➢ કાંસાની પ્રતિમાની સરખામણીમાં ટેરાકોટાની પ્રતિમા ઓછી મળે છે.


➢ **ઉદાહરણ :**

**માતૃદેવીની પ્રતિમા :** ત્રણ શિંગવાળા તાજની પ્રતિમા માતૃદેવીના ટેરાકોટાના પુરાવા પરથી આ સભ્યતા માતૃપ્રધાન સભ્યતા હોય તેવો અંદાજ લગાવી શકાય છે.














❖ સિંધુ સભ્યતાનાં મળી આવેલાં મુખ્ય સ્થળો (ભારતનાં)

| ક્રમ | સ્થળ | સંશોધનનું વર્ષ | નદી | ઉત્ખનનકર્તા | વર્તમાન સ્થળ |
|---|---|---|---|---|---|
| 1. | હડપ્પા | 1921 | રાવી | દયારામ સાહની | મોન્ટેગોમરી જિલ્લો (પંજાબ-પાકિસ્તાન) |
| 2. | મોહે-ન્જો-દડો | 1922 | સિંધુ | રખાલદાસ બેનરજી | લારખાના જિલ્લો (સિંધ -પાકિસ્તાન) |
| 3. | ચન્હુ દડો | 1931 | સિંધુ | ગોપાલ મજુમદાર | સિંધપ્રાંત, પાકિસ્તાન |
| 4. | કોટડીજી | 1955 | સિંધુ | ફઝલ અહેમદખાન | ખૈરપુર (સિંધ) પાકિસ્તાન |
| 5. | કાલીબંગન | 1953<br>1960 | ઘગ્ગર | અમલાનંદ ઘોષ<br>બ્રજવાસી લાલ | હનુમાનગઢ (રાજસ્થાન) |
| 6. | સુત્કાગેન્ડોર | 1927 | દાશ્ક | ઓરેલ સ્ટાઈન | મકરાન પ્રાંત બલૂચિસ્તાન |
| 7. | રોપડ | 1955 | સતલજ | યજ્ઞદત્ત શર્મા | રૂપનગર (રોપડ) પંજાબ |
| 8. | બનવાલી | 1973 | રંગોઈ (સરસ્વતી) | રવિન્દ્રસિંહ વિષ્ટ | હિસ્સાર (હરિયાણા) |
| 9. | રાખીગઢી | 1969 | ઘગ્ઘર | સૂરજભાન | હિસ્સાર (હરિયાણા) |
| 10. | આલમગીરપુર | 1958 | હિન્ડન | યજ્ઞદત્ત શર્મા | મેરઠ (ઉત્તર પ્રદેશ) |
| 11. | માન્ડા | 1982 | ચિનાબ | જગતપતિ જોષી | જમ્મુ. |

❖ **સિંધુ સભ્યતાની આંકડાકીય બાબત**

**1) ભૌગોલિક ક્ષેત્રફળ :** 12,99,600 વર્ગ કિમી

**2) દરિયાકિનારો :** 1300 કિમી

**3) મકાનની ઊંચાઈ :** 5-8 મીટર ઊંચાં

**4) વજનની તુલાઓ :** 4ના ગુણાંકમાં

**5) રસ્તાની પહોળાઈ :** 9.75 × 3.25

**6) સમયગાળો :** 600 વર્ષ 2350 - 1750

❖ **વિવિધ સ્થળોએથી પ્રાપ્ત વસ્તુઓ :**

**1. હડપ્પા (શિવનું ભોજન)**

અનાજના કોઠાર, ભૂગર્ભ ગટર જળયોજના, કાંસાની ગાડી , ગરુડના ચિહ્નવાળા સિક્કા, કાંસાનું દર્પણ, ચબૂતરા, ત્રાજવાં અને તોલમાપનાં સાધનો, માટીની મૂર્તિ

**2. મોહે-ન્જો-દડો (મરેલાનો ટેકરો)**

વિશાળ સ્નાનાગાર, પૂજારીઓનાં રહેઠાણ, સુતરાઉ કાપડ, નર્તકીની મૂર્તિ, કાંસાની મૂર્તિઓ, એક ખૂંધવાળા બળદની મૂર્તિ તથા અવશેષો, હાથીદાંતનાં ત્રાજવાં

**3. ચન્હુદડો**

મણકા બનાવવાનું કારખાનું, વક્રાકાર ઈંટો, લિપસ્ટિક, કાંસકી, સિંદૂરની ડબ્બી, પાઉડર, ઘડિયાળ અને માછલી દોરેલી મહોર, માટીનાં રમકડાંની ગાડી

**4. કોટડીજી**

કાચી ઈંટોનાં મકાનો, બળેલા શહેરના અવશેષો

5. **કાલી બંગન**

અગ્નિ હવનકુંડ, ભૂકંપના પુરાવા, માટીની કાળી બંગડીઓ, લાકડાની નળી, ઊંટનાં હાડકાં, જોડિયા કબર, મોટાભાગના મકાનોમાંથી કૂવાઓના અવશેષો, લાલ અને ગુલાબી રંગનાં વાસણો, શંખ, ખેડેલા ખેતરના અવશેષો, એક જ ખેતરમાં બે પાક લેવાની વ્યવસ્થા, પથ્થરના બાટ, માટલાં

6. **સુત્કાગેન્ડોર**

તાંબાની કુહાડી, મનુષ્યનાં હાડકાં અને અસ્થિ ભરેલાં વાસણો, વિકસિત હડપ્પન સંસ્કૃતિનું પ્રમાણ, બેબિલોન સાથે વ્યાપારના પુરાવા

7. **રોપડ**

મનુષ્યની કબર નીચે કૂતરાને દાટવાનું ઉદાહરણ, મનુષ્યની દફનવિધિમાં શબનું માથું પશ્ચિમ દિશા તરફ રાખવાની પ્રથા

8. **બનવાલી**

તાંબાના બાણની આકૃતિ, માટીનાં વાસણો પર ચિત્રલિપિ, માટીનું હળ, જવ, તલ અને સરસવ, નગરની યોજના શતરંજ આકારની

9. **રાખીગઢી**

તાંબાનાં સાધનો, સિંધુ સભ્યતાનું સૌથી મોટું નગર

10. **આલમગીર પુર**

માટીનાં વાસણો પર રંગીન ચિત્રો. ઉપરાંત, મોર, ખિસકોલીની આકૃતિઓ

11. **માન્ડા**

બ્લેડ, હાડકાનું બાણ તથા ઓજારો, મુહરો

❖ **સિંધુ સભ્યતાનાં નગરોની વિશેષતાઓ :**

- મળી આવેલા મોટાભાગના અવશેષો પથ્થર અને તાંબાના
- મુખ્ય વ્યવસાય ખેતી ઉપરાંત, મુખ્ય પાક-ઘઉં
- સભ્યતાનાં વાસણો, રમકડાં અને મૂર્તિઓ ટેરાકોટા (આગમાં પકવેલી માટી)માંથી બનાવેલી
- આ સભ્યતાની લિપિ ચિત્રલિપિ હતી.
- સૌપ્રથમ કપાસની શોધ સિંધુ સભ્યતાના ફાળે છે.
- વિશ્વમાં સૌપ્રથમ ચાંદી પણ સિંધુ સભ્યતામાંથી પ્રાપ્ત થઈ.
- સૌપ્રથમ સ્વસ્તિક ચિહ્ન સિંધુ સભ્યતામાં મળ્યું.
- સિંધુ વિસ્તારનું જૂનું નામ ''મેલુહા'' હતું.
- સૌપ્રથમ ચોખાના અવશેષો પણ સિંધુ સભ્યતાનાં નગર રંગપુર અને લોથલમાંથી મળી આવ્યા છે.
- ગેંડાના સૌપ્રથમ અવશેષો પણ આમરામાંથી આવ્યા.
- સિંધુ સભ્યતાના લોકો શાંતિપ્રિય જીવન જીવવાવાળા હતા. મુખ્ય વ્યવસાય ખેતી હતો.
- સમાજ માતૃસત્તાત્મક હતો. પરંતુ, સ્ત્રીઓનું સ્થાન દયનીય બતાવેલું છે.
- સિંધુ સભ્યતામાં સૌથી વધુ ખેતીવાડીનાં ઓજારો પ્રાપ્ત થયાં છે. હથિયારોના અવશેષો પ્રાપ્ત થયા નથી.
- આ સભ્યતાના લોકો જમીની અને દરિયાઈ માર્ગે વ્યાપાર કરતા હતા. એક ખૂંધવાળા બળદ ઉપર વસ્તુ મૂકીને તેને સુતરાઉ દોરીથી બાંધીને વ્યાપાર કરવા જતા.

- લિંગ પૂજાનાં પ્રમાણ જોવા મળ્યાં છે, જેના પરથી કહેવાયું છે કે સિંધુ સભ્યતાના લોકો શૈવપંથી હતા.
- માટીની મળી આવેલી મૂર્તિઓ પણ ભગવાન પશુપતિનાથની છે.
- આ સભ્યતાનાં કેટલાક નગરોમાં મનુષ્યને મૃત્યુ બાદ શબને દાટવાની પ્રથા અમલમાં હતી જ્યારે કેટલાંક નગરોમાં મૃત્યુ બાદ અગ્નિ સંસ્કાર આપવામાં આવતો.
- સિંધુ સભ્યતામાં આંતરિક વ્યાપાર સ્થળ/જમીન માર્ગે થતો હતો. જ્યારે મોટાભાગનો બાહ્ય વ્યાપાર સ્થળ માર્ગ ઉપરાંત જળ માર્ગે થતો હતો.
- આ સભ્યતામાં  કાચો માલ પૂરતા પ્રમાણમાં મળી રહેતો ન હતો આથી મોટા ભાગનો કાચો માલ વિદેશથી આયાત કરવામાં આવતો હતો.
- મોટા ભાગે કાશ્મીર અને કાઠિયાવાડથી મોંઘા પથ્થરો આયાત થતા, અજમેરથી સીસું, બલૂચિસ્તાન અને મદ્રાસથી તાંબું, ઈરાનથી ચાંદી વગેરે પણ આયાત કરવામાં આવતું હતું.

**હડપ્પા કાલીન આયાતી વસ્તુઓ :**

| | | |
|---|---|---|
| સોનું | - | અફઘાનિસ્તાન, દક્ષિણ ભારત |
| તાંબું | - | ખેતડી (રાજસ્થાન), બલુચિસ્તાન |
| શંખ અને કોડી | - | સૌરાષ્ટ્ર, દક્ષિણ ભારત |
| ટીન | - | અફઘાનિસ્તાન, ઈરાન, રાજસ્થાન |
| ગોમેદ પથ્થર | - | માંડા, સૌરાષ્ટ્ર |
| મીઠું | - | પંજાબ |
| ચાંદી | - | ઈરાન, અફઘાનિસ્તાન, મેસોપોટેમિયા |

❖ **સિંધુ સભ્યતાના પતન થવા પાછળનાં કારણો અને તે અંગે ઈતિહાસકારોના મત :**

- **ગાર્ડન ચાઈલ્ડ** : તેમણે સિંધુ સભ્યતાનો અંત બાહ્ય આક્રમણકારીઓનાં આક્રમણ અથવા તો આર્યોનાં આક્રમણને કારણે થયો હોવાનો મત આપ્યો છે.
- **માર્ટીમર વ્હીલર** : તેમણે આ સંસ્કૃતિનો નાશ આર્યોના આક્રમણને કારણે થયો હોવાનું કહ્યું.
- **એર્નસ્ટ મૈક** : તેમણે આ સંસ્કૃતિનું પતન થવા પાછળનું કારણ વારંવાર આવતાં પૂરનું દર્શાવ્યું છે.
- **જ્હોન માર્શલ** : તેમણે સંસ્કૃતિના પતન પાછળ ભૂકંપ અથવા તો વારંવારનાં નદીનાં પૂરને દર્શાવ્યાં છે.
- **રાઈક્સ અને ડેલ્સ તથા ડી.ડી. કોશામ્બી** : તેમણે મોહે-ન્જો-દડો અને કોટડીજી જેવાં નગરોની આગ લગાવીને નાશ કરીને હત્યાઓ કરવામાં આવી હોવી જોઈએ તેવો મત આપ્યો.
- **ઓરેલ સ્ટાઈન** : તેમણે આ સંસ્કૃતિના પતન થવા પાછળનું કારણ જળવાયુ પરિવર્તન દર્શાવ્યું છે.

# 2 CHAPTER વૈદિક સભ્યતા

❖ **વૈદિક આર્ય સભ્યતા અને સિંધુ સભ્યતા વચ્ચે પાયાનો તફાવત**

- ગ્રામીણ સભ્યતા
- સોનું,ચાંદી,તાંબુ તથા લોખંડથી પરિચિત
- લોખંડના કારણે કૃષિમાં ક્રાંતિ
- લિંગપૂજા,મૂર્તિપૂજા અભાવ
- પાલતુ પ્રાણી
- શિક્ષણ પદ્ધતિ મૌખિક
- સંચાલનનું મૂળ

❖ **વૈદિક સંસ્કૃતિ બે ભાગમાં વિભાજિત છે.**

- ઈ.સ.પૂ 1500 - 1000નો સમય ઋગ્વૈદિક કાળ તરીકે ઓળખાય છે.
- જ્યારે ઈ.સ.પૂ 1000-600 સુધીનો સમય ઉત્તર વૈદિક કાળ તરીકે ઓળખવામાં આવે છે.
- વેદ એ સંસ્કૃત શબ્દ વિદ્‌માંથી બન્યો છે, જેનો મૂળ અર્થ જ્ઞાન એવો થાય છે.
- આ સંસ્કૃતિ વેદ સાહિત્ય પર આધારિત હોવાને લીધે તેને વૈદિક સંસ્કૃતિ પણ કહે છે.
- આર્યોને વેદોના પ્રવર્તકો માનવામાં આવ્યા છે. આથી આ સંસ્કૃતિને આર્ય સંસ્કૃતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આર્યોનું મૂળ વતન મધ્યએશિયા હતું તેવું મેક્સમુલર નામના વિદ્વાનનું માનવું છે અને આ મતનું સૌથી વધુ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તેમ છતાં, આર્યોનાં મૂળ વતન પર ઘણા વિદ્વાનો એ પોતાના અલગ - અલગ અભિપ્રાયો રજૂ કરેલા છે

❖ **નામનો અર્થ :** વેદ અર્થાત્ જ્ઞાન (knowledge) જ્ઞાની બ્રહ્મ : શ્રેષ્ઠ વેદથી પરિચિત, જાણકારી બ્રહ્મજ્ઞાની કહેવાય. મકરસંક્રાંતિનું પર્વ આર્ય તરફથી મનાવાયું છે.

❖ **આર્યોનું આગમન અંગેનાં મંતવ્ય :**

(1) **ભગવાનદાસ ગિડવાની : એસ. ડી. કલ્લા** - આર્યોનું મૂળવતન ભારત હતું.

(2) **બાળગંગાધર તિલક :** આર્યોનું આગમન ઉત્તર ધ્રુવ પરથી થયું તેવો વિચાર રજૂ કર્યો.

(3) **મેક્સમુલર :** જેમણે ઋગ્વેદનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું અને આર્યો મધ્યએશિયામાંથી આવ્યા તેવું જણાવ્યું. (જર્મન સાહિત્યકાર)

❖ **સપ્ત સિંધુની સાત નદીઓ :**

- આર્યોના આગમનનો બહુમત મધ્યએશિયા માનવામાં આવે છે.
- આર્યોનો મુખ્ય ધંધો ખેતી અને પશુપાલન હતો.
- મધ્યએશિયાનાં ઘાસનાં મેદાનમાં રહેતા હશે.
- જળવાયુ પરિવર્તન અને પાણીની તંગીના કારણે સ્થળાંતર કરી સપ્તસૈંધવ પ્રદેશથી ભારત પ્રવેશ મેળવ્યો હશે.

- ➢ આ પ્રદેશ પાણી અને કાંપની ફળદ્રુપતાથી સંપન્ન હતો, પરિણામે અહીં ખેતી અને પશુપાલનની સગવડ સ્થાયી થવાનું પ્રમુખ કારણ બન્યું.
- ➢ ભારતમાં આગાઉથી દ્રવિડ પ્રજા વસતી હતી.
- ➢ બન્નો વચ્ચે સંઘર્ષ થયા અને સલામતી થઈ. આમ આર્ય અને દ્રવિડના સમન્વયથી ભારતીય સંસ્કૃતિનો ઉદય થયો.

➢ આર્યો દ્રવિડને અનાર્ય, દસ્યૂ, દાસ, વિષાદ, અસુર કહી તિરસ્કારતા અને આર્યોએ જબૂત રાજતંત્ર વિકસાવ્યું. જે અનુ, વુષ્ણી, ભરત, કુરુ પંચાલ જેવી જાતિમાં વહેંચાયા.

## ❖ નદીઓનાં પૌરાણિક નામ તેમજ હાલનાં નામ

| હાલનાં નામ | પૌરાણિક નામ |
|---|---|
| 1) સિંધુ | સિંધસાગર |
| 2) ઝેલમ | વિતવસ્તા |
| 3) ચિનાબ | અસ્કીની |
| 4) રાવિ | પુરુષ્ણવી |
| 5) બિયાસ | વિપાસા |

| હાલનાં નામ | પૌરાણિક નામ |
|---|---|
| 6) સતલજ | શતાદ્રિ |
| 7) નર્મદા | સોમદ્ભવા |
| 8) તાપી | સૂર્યપુત્રી |
| 9) બનાસ | પર્ણાશા |
| 10) ગંગા | વિષ્ણુ |

❖ **વેદ એટલે શું ?** બ્રહ્માંડની ઉત્પત્તિ અંગેની નોંધ સુંદર રીતે વેદમાં કરવામાં આવેલી છે.

➲ **ઋગ્વેદ :** (અતિ પ્રાચીન ગ્રંથ)

- ➢ ઋગ્વેદને અપૌરુષેય એટલે કે મનુષ્ય દ્વારા નહિ પરંતુ,ઈશ્વર દ્વારા રચવામાં આવ્યો હોય તેવું માનવામાં આવે છે.
- ➢ આ ગ્રંથ પ્રાચીન સંસ્કૃતિની સાહિત્યિક ભાષામાં લખાયેલો છે.
- ➢ જેમાં 10 મંડળ, 1028 સૂક્તો અને 10580 ઋચાઓ છે.
- ➢ બીજા અને સાતમા મંડળને અતિ પ્રાચીન માનવામાં આવે છે, જ્યારે પ્રથમ અને દશમું મંડળ નવીનતમ છે. તેના ત્રીજા મંડળમાં (સૂર્યની ઉપાસના માટેના ગાયત્રી મંત્રનો ઉલ્લેખ છે, જેની રચના વિશ્વામિત્ર ઋષિએ કરી છે.)
- ➢ તેના નાસદીય સૂક્તમાં જગતની ઉત્પત્તિ અંગેનો ઉલ્લેખ છે. પુરુષ સૂક્તમાં વર્ણવ્યવસ્થા દર્શાવવામાં આવી છે. જ્યારે પુરુષાર્થ (સૂક્તમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો ઉલ્લેખ જોવા મળ્યો છે.) (મનુભાઈ પંચોલીએ ઋગ્વેદને આર્યોની જનજીવનની આરસી કહી છે.)

➲ **યજુર્વેદ :** યાજ્ઞવલ્કય ઋષિ

- ➢ 'યજુસ્' શબ્દનો અર્થ 'યજ્ઞ' થાય છે, તેમાં મંત્રો અને નિયમો આપેલા છે, જેનું પાલન યજ્ઞ કરતી વખતે કરવામાં આવે છે. યજુર્વેદ બે ભાગમાં વહેંચાયેલો છે. (1) કૃષ્ણ યજુર્વેદ (2) શુકત યજુર્વેદ; ગદ્ય અને પદ્ય બંને સ્વરૂપમાં રચાયેલ.

➲ **સામવેદ :** જૈમીનિ ઋષિ સંગીતના 5 રાગ, 7 સૂર શ્રી, કીપંક, મેઘ, હિડોળ, ભૈરવી

- ➢ 1810 શ્લોક આવેલા છે. તે ગાંધર્વવેદ તરીકે પણ ઓળખાય છે. સામનો અર્થ મધુર સંગીત એવો થાય છે. સંગીત વિશેની તમામ માહિતી તેમાં ઉપલબ્ધ છે. (સામવેદને ભારતીય સંગીતનો જનક પણ કહેવાય છે.) સંગીતની ગંગોત્રી, તાનસેન, સ્વામી હરિદાસ, બૈજુબાવરા, અમીરખુશરો.

➲ **અથર્વવેદ :** ઋષિ અથર્વ

- ➢ અથર્વવેદનું પ્રાચીન નામ બ્રહ્મવેદ છે. તેમાં 20 અધ્યાય, 731 ઋચાઓ અને 6000 મંત્રો છે. શત્રુઓનો નાશ, વશીકરણ, જાદુ-ટોણાં તેમજ ભૂત-પ્રેતના મંત્રો તથા રોગમુક્તિના મંત્રોનો ઉલ્લેખ. કેટલાક વિદ્વાનો અથર્વવેદને વેદ માનવા તૈયાર નથી. તેમણે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ આ ત્રણ વેદોનો સમૂહ બનાવ્યો, જે વેદત્રયીના નામથી ઓળખાય છે.

**વેદોના ઉપવેદો અને તેના રચયિતા**

| વેદ | ઉપવેદ | ઉપવેદના રચયિતા |
|---|---|---|
| ઋગ્વેદ | આયુર્વેદ | ધન્વન્તરિ |
| સામવેદ | ગંધર્વવેદ | ભરતમુનિ |
| યજુર્વેદ | ધનુર્વેદ | વિશ્વામિત્ર |
| અથર્વવેદ | શિલ્પવેદ | વિશ્વકર્મા |

➲ **દર્શન ગ્રંથો :** કુલ 6 છે. આથી ષડ્દર્શન તરીકે પણ ઓળખાય છે.

| | |
|---|---|
| સાંખ્યદર્શન | કપિલમૂનિ |
| યોગદર્શન | પતંજલિ |
| ન્યાય | ગૌતમઋષિ |
| વૈશેષિક | કણાદઋષિ |
| ઉત્તરમિંમાસા | બાદરાયણઋષિ |
| પૂર્વ મિંમાસા | જૈમિનીઋષિ |

❖ **વર્ણવ્યસ્થા :**

વેદકાળનો ભારતીય સમાજ અનેક જાતિઓનો બનેલો હતો. મુખ્ય પાંચ જાતિમાં વિભાજન હતું. (અનુ, દ્રુયુ, યધુ, તુર્વસુ, પુરૂ) જેને વિંશ નામે ઓળખતા હતા. શરૂઆતમાં કોઈ વર્ણ-વિભેદ હતા નહીં પણ આર્થિક, સામાજિક વિકાસની સાથે સમાજનું તંત્ર વ્યવસ્થિત રાખવાના આશયથી આર્યઋષિઓએ સમાજને ચાર વર્ણમાં વહેંચ્યો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર. (1) બ્રાહ્મણ - વિદ્યા - જ્ઞાનની ઉપાસના કરે કરાવે, ધાર્મિક વિધિ કરે કરાવે.

(2) ક્ષત્રિય - સમાજનું રક્ષણ કરનાર.

(3) વૈશ્ય - ખેતી, પશુપાલન, ઉદ્યોગ ધંધા, અર્થોત્પાદન.

(4) શુદ્ર - આ ત્રણેય વર્ણોની સેવામાં રહેનાર.

**નોંધ** : શરૂઆતમાં જન્મના આધારે નહીં, કર્મના આધારે હતી. વિશ્વામિત્ર જન્મે ક્ષત્રિય હતા, કર્મે બ્રાહ્મણ થયા.

**નોંધ** : આમ, વર્ણની ઉત્પત્તિ ઋગ્વેદના પુરુષસૂક્તમાં જોવાય છે.

'વિરાટ યજ્ઞ પુરુષ યજ્ઞમાં હોમાયો તેના મુખમાંથી બ્રાહ્મણો, બાહુમાંથી ક્ષત્રિયો, જાંગમાંથી વૈશ્યો અને પગમાંથી શૂદ્રો ઉત્પન્ન થયા.'

સમય જતાં વધતી વસ્તી, આંતરવર્ણ લગ્ન, વધતા ધંધા-ઉદ્યોગના કારણે વર્ણવ્યવસ્થામાંથી જ્ઞાતિપ્રથાનો ઉદય થયો.

❖ **વૈદિક શિક્ષણ અને કળા :**

➢ વૈદિકયુગમાં શિક્ષણ મૌખિક સ્વરૂપે આપવામાં આવતું. આથી જ વેદને શ્રુતિ માનવામાં આવે છે.

➢ ગુરુનું નિવાસસ્થાન એ આર્ય પ્રજાનું શિક્ષણકેન્દ્ર હતું અને અભ્યાસના વિષયોમાં વેદોના અભ્યાસ ઉપરાંત, વ્યાકરણ, ઈતિહાસ, અંકશાસ્ત્ર, નક્ષત્ર વિદ્યા, બ્રહ્મ વિદ્યા વગેરે.

➢ ઋગ્વેદના મંત્રોમાં સુધાર અને વૈદ્યના જ્ઞાન મેળવનારના પુરાવાઓ છે. શુદ્રો સિવાય બધા જ વર્ણોને વેદના અભ્યાસનો અધિકાર હતો.



➢ આર્ય પ્રજાએ ભવનો, નગરો દૂર્ગો, બનાવવામાં વિકાસ સાધ્યો હતો.

➢ યજ્ઞ વેદિકાઓ, ઈંટો પથ્થરના ભવનો, સંગીત-નૃત્યકલાનો વિકાસ, કાંતણ, વણાટ અને રંગકામના ક્ષેત્રે વેદીપ્રજાની કળાનો વિકાસ નોંધાયો છે.

❖ **ધાર્મિક જીવન :**

મૂળ ઋગ્વેદમાંનો ધર્મ અત્યંત સાદો છે, જેમાં પ્રકૃતિને ઉદ્દેશીને કરાયેલી જુદી-જુદી પ્રાર્થનાઓ છે. વેદમાં કુલ 33 દેવતાનો ઉલ્લેખ થાય છે.



- **જેમાં 11ના ત્રણ ભાગ છે. (33)**
  આકાશના દેવ(11), પૃથ્વીના દેવ (11), આકાશ પૃથ્વી(11)
- **વરુણ –** નીતિનો અધિપતિ
- **અગ્નિ –** સંકલ્પ શક્તિનો દેવ
- **મિત્ર –** કલ્યાણકારી શક્તિનો દેવ
- **સરસ્વતી –** જ્ઞાન બુદ્ધિ, વિવેશ્ની દેવી
- **ઈન્દ્ર –** યુદ્ધનો અધિપતિ
- **રુદ્ર –** ભયાનકતા, કોહીદેવ
- **વાયુ –** પવનનો દેવ

❖ **આર્યોની શાસન વ્યવસ્થા :**

- આર્યોનો ગ્રામીણ સંસ્કૃતિથી બનેલો સમાજ હતો.
- તેઓ નાનાં નગરો, ગામમાં રહેતા હતા. ખેતી અને પશુપાલનનો મુખ્ય વ્યવસાય કરતા હતા.
- ગાયોની સંખ્યા ગોધન કહેવામાં આવતી. જેના આધારે વ્યક્તિનો આર્થિક દરજજો નક્કી કરાતો હતો.
- તે સિવાય સુથારીકામ, લુહારીકામ, હુન્નરઉદ્યોગ, ચર્મઉદ્યોગ, વણાટકામ વગેરે સાથે જોડાયેલા વર્ણો હતા.
- આરંભમાં નાણાંનો વિકાસ ન હતો, પણ સમય જતાં નિષ્ક નામે સુવર્ણ સિક્કાઓનો ઉપયોગ થવા લાગ્યો.
- ઋગ્વેદમાં આર્યોની વહાણ બાંધવાની કળાનો પણ ઉલ્લેખ છે.
- તેમણે સમુદ્ર માર્ગે બેબિલોન સાથે વેપાર પણ કર્યો હતો.

❖ **વૈદિક સભ્યતા સાથે જોડાયેલી અન્ય માહિતી :**

- પ્રકૃતિ પૂજામાંથી અને બહુદેવવાદમાંથી ધીરે-ધીરે એકેશ્વરવાદ બાજુ સભ્યતા વળે છે.
- એકેશ્વરવાદ : બ્રહ્મની ભાવના ઉપનિષદમાં સંપૂર્ણપણે જોવા મળે છે.
- જુદા-જુદા દેવોની પ્રાર્થના કરતા હતા, પણ દેવોની મૂર્તિઓ, મંદિર નિર્માણ સુધી પહોંચ્યા નથી.
- મૂર્તિપૂજા - મંદિર નિર્માણનો અભાવ એ આર્યના ધર્મ-સમાજનું નોંધપાત્ર લક્ષણ હતું.
- તમામ વૈદિક સાહિત્યની રચના ગુપ્ત સામ્રાજ્ય દરમિયાન થઈ, આથી ગુપ્ત સામ્રાજ્ય સાહિત્યનો સુવર્ણયુગ કહેવાય છે.
- આર્યોની શાસન વ્યવસ્થા રાજાશાહી પ્રકારની હતી, રાજાશાહી વંશપરાગત હતી.
- શાસન વ્યવસ્થાનો સૌથી નાનો એકમ કુટુંબ હતો.
- કુટુંબ વ્યવસ્થા પિતૃપ્રધાન હતી.
- કુટુંબનો વડો કુલપતિ કહેવાતો.
- થોડાં કુટુંબ ભેગાં થઈ ગ્રામ બને, જે વિશ કહેવાય. તેના વડો વિશપતિ કહેવાય.
- નાનો વિસ્તાર જનપદ કહેવાતો.

# 15 CHAPTER ભારતનું સ્થાન, સીમા, અંતર અને ભારતના અક્ષાંશ રેખાંશ

## ભારતનું સ્થાન સીમા અને અંતર - મુખ્ય તથ્યો

- વિશ્વમાં ભારતનું સ્થાન ભૌગોલિક રીતે 2.42% છે. (32,87,263 ચોકિમી ક્ષેત્રફળ) ક્ષેત્રફળના આધારે ભારત 7મો ક્રમ ધરાવે છે. (રશિયા, કૅનેડા, અમેરિકા, ચીન, બ્રાઝિલ, ઑસ્ટ્રેલિયા બાદ)
- ભારતનો ભૂ-આકાર સમચતુષ્કોણ છે.
- પૃથ્વીના સંદર્ભે ભારત પૂર્વગોળાર્ધમાં સ્થિત છે
- ખંડના સંદર્ભે ભારત દક્ષિણ એશિયામાં સ્થિત છે.
- ભૌગોલિક રીતે ભારત એક દ્વિપકલ્પ છે. જે ત્રણે બાજુથી અરબસાગર હિંદમહાસાગર બંગાળની ખાડીથી ઘેરાયેલું છે.
- **ભારતને નામ અંગેના તથ્ય :** ભારતવર્ષ, ભારતની ભૂમિ, હિન્દુસ્તાન, ઈન્ડિયા, આર્યાવ્રત.
- **ભારતની ઉત્તર-દક્ષિણ કુલ લંબાઈ :** 3214 કિમી (કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખથી દક્ષિણ ભારતના તમિલનાડુ/કન્યાકુમારી સુધી ભારતીય મુખ્ય ભૂમિભાગનું દક્ષિણ બિંદુ - કેપકોમોરીન)
- **ભારતની પૂર્વ-પશ્ચિમ :** 2933 કિમી (ગુજરાતના સિરક્રિક/ગુહારમોતીથી પૂર્વમાં અરુણાચલ પ્રદેશ - કિબુથી સુધી)
- ભારત ઉત્તર-પૂર્વમાં સ્થિત હોવાથી 8°4' ઉત્તર-પૂર્વીય અક્ષાંશથી 37°6' ઉત્તર અક્ષાંશ તેમજ 68°7' પૂર્વી રેખાંશથી 97°25' પૂર્વીય રેખાંશ સુધી વિસ્તરેલ છે.
- ભારતના મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થાય છે.
- કર્કવૃત્ત ભારતનાં 8 રાજ્યોમાંથી (ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમબંગાળ, ત્રિપુરા, મિઝોરમ) પસાર થઈ ભારતને બે ભાગમાં વિભાજિત કરે છે.
- **ભારતનો અક્ષાંશીય અને રેખાંશીય વ્યાપ/પસાર થતાં અક્ષાંશ-રેખાંશ સંખ્યા :** 29
- ભૌગોલિક રીતે ભારત કુલ 6 ક્ષેત્રમાં વિભાજિત છે. (ઉત્તર ક્ષેત્ર, પૂર્વ ક્ષેત્ર, પશ્ચિમ ક્ષેત્ર, દક્ષિણ ક્ષેત્ર, મધ્યવર્તી ક્ષેત્ર, પૂર્વોત્તર ક્ષેત્ર)
- ભારતના પૂર્વ અને પશ્ચિમ ક્ષેત્રમાં સમયનું અંતર/તફાવત 2 કલાકનો જોવા મળે છે. (116 મિનિટ)
- પાડોશી દેશના સંદર્ભે ભારતની સરહદ 15,106 કિમી જોવા મળે છે.
- ભારતના પાડોશી દેશ સાથે સમુદ્રી સીમા અને જમીની સીમા સાથે આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે.
- ભારતના પ્રમુખ પાડોશી દેશ પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ચીન, નેપાળ, ભૂટાન, મ્યાનમાર, બાંગ્લાદેશ (કુલ સાત દેશ).
- ભારતની સૌથી લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ : બાંગ્લાદેશ
- ભારતની સૌથી ટૂંકી આંતરરાષ્ટ્રીય સરહદ : અફઘાનિસ્તાન
- ભારતની ત્રણ ભાગમાં વિભાજિત સરહદ : ચીન
- બાંગ્લાદેશની સરહદથી ત્રણ બાજુથી ઘેરાયેલું ભારતનું રાજ્ય : ત્રિપુરા
- ભારત-નેપાળ વચ્ચેની આંતરરાષ્ટ્રીય સરહદ : કોસી નદી

- ☞ ભારત સાથે જમીની સીમા અને સમુદ્રી સીમાથી જોડાયેલ દેશ : ત્રણ (પાકિસ્તાન, બાંગ્લાદેશ, મ્યાનમાર)
- ☞ ભારત સાથે માત્ર જમીની સીમા સાથે જોડાયેલ દેશ : ચાર (અફઘાનિસ્તાન, ચીન, નેપાળ, ભૂટાન)

## ❖ ભારત સાથે જોડાયેલ આંતરરાષ્ટ્રીય સરહદ વિશે તથ્ય


| | |
|---|---|
| **રેડક્લિફ રેખા** | ભારત પાકિસ્તાન - 3323 કિમી |
| **દુરાન્દ રેખા** | ભારત અફઘાનિસ્તાન - 106 કિમી<br>(સૌથી ઓછી આંતરરાષ્ટ્રીય સરહદ) |
| **મેકમોહન રેખા** | ભારત ચીન - 3488 કિમી<br>(બાંગ્લાદેશ બાદ બીજા લાંબી નંબરની આંતરરાષ્ટ્રીય સરહદ) |
| **શુન્ય રેખા** | ભારત બાંગ્લાદેશ - 4096 કિમી<br>(સૌથી વધુ લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ) |

## ❖ ભારતની આંતરરાષ્ટ્રીય સરહદ પરની પ્રમુખ સમસ્યાઓ

- ☞ સરહદી ઘુસપેઠ
- ☞ આતંકી ગતિવિધિઓ
- ☞ સામાજિક ઘર્ષણ
- ☞ અવૈદ્ય વેપાર
- ☞ માનવ તસ્કરી/પશુ તસ્કરી
- ☞ અવૈદ્ય વેપાર
- ☞ આંતરિક સુરક્ષા
- ☞ આંતરરાષ્ટ્રીય વેપારમાં અડચણ

| પડોશી દેશ | સીમાની લંબાઈ | સંબંધિત રાજ્યોની સંખ્યા | સંબંધિત રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ |
|---|---|---|---|
| **બાંગ્લાદેશ** | 4,096 | 5 | પશ્ચિમ બંગાળ, અસમ, મેઘાલ, ત્રિપુરા, મિઝોરમ |
| **ચીન** | 3,488 | 5 | હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, લદાખ |
| **પાકિસ્તાન** | 3,323 | 5 | જમ્મુ-કશ્મીર, પંજાબ, રાજસ્થાન, ગુજરાત, લદ્દાખ |
| **નેપાળ** | 1,751 | 5 | ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, સિક્કિમ |
| **મ્યાનમાર** | 1,643 | 4 | અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ |
| **ભૂટાન** | 699 | 4 | સિક્કિમ, પશ્ચિમ બંગાળ, અસમ, અરુણાચલ પ્રદેશ |
| **અફઘાનિસ્તાન** | 106 | 1 | લદાખ |

## ભારતનું સ્થાન, સીમા, અંતરને લગતા તથ્ય નકશામાં દર્શાવો.



## ❖ અક્ષાંશ-રેખાંશ

- ☞ અક્ષાંશ અને રેખાંશ એ ભૂગોળના (વિસ્તાર અને સમય અંગે) ગહન અધ્યયન માટે ઉપયોગી માહિતીનો સ્રોત પ્રદાન કરે છે.
- ☞ અક્ષાંશ દ્વારા કોઈ પણ સ્થાનનું ભૌગોલિક સ્થાન સમજી શકાય છે. અક્ષાંશ અને રેખાંશ વિશે વિસ્તૃત સમજૂતી **ટોલેમી** દ્વારા આપવામાં આવી છે.
- ☞ રેખાંશના માધ્યમથી કોઈ પણ સ્થાનનો સ્થાનિક સમય જાણી શકાય છે.
- ☞ ભૌગોલિક રીતે ભારતનું સ્થાન ઉત્તર-પૂર્વીય ગોળાર્ધમાં સ્થિત છે.

### અક્ષાંશ

- ☞ પૃથ્વી પર આવેલી આડી કાલ્પનિક રેખા (Letitude Line) અક્ષાંશ કહેવાય છે.
- ☞ અક્ષાંશ આબોહવાને અસર કરતું એક પરિબળ છે.
- ☞ વિષુવવૃત્તથી જેમ ઉત્તર કે દક્ષિણ ગોળાર્ધમાં દૂરના સ્થાને જતાં તાપમાનમાં ઘટાડો નોંધાય છે. ઠંડકમાં વધારો નોંધાય છે.
- ☞ ટોલેમીના મત મુજબ, પ્રત્યેક અક્ષાંશ વચ્ચે 0.5 ડિગ્રી તાપમાનનો તફાવત નોંધાય છે.
- ☞ કુલ અક્ષાંશોની સંખ્યા : 181
- ☞ સમાંતર અક્ષાંશોની સંખ્યા : 179
- ☞ અક્ષાંશો એકબીજાને સમાંતર હોય છે. (બે અક્ષાંશ વચ્ચેનું સરેરાશ અંતર 111.32 કિમી)
- ☞ ભારતનું અક્ષાંશીય સ્થાન : 8°4' ઉત્તર અક્ષાંશથી 37°6' ઉત્તર અક્ષાંશ
- ☞ ભારતનો અક્ષાંશીય વ્યાપ : 29
- ☞ વિશ્વનો સૌથી મોટો અક્ષાંશ : વિષુવવૃત્ત
- ☞ વિષુવવૃત્તના સંદર્ભે ભારતનું અક્ષાંશીય અંતર : 8°4'
- ☞ ભારત આબોહવાકીય વિભાજન કરતો અક્ષાંશ : કર્કવૃત્ત

### રેખાંશ

- ☞ પૃથ્વી પર ઊભી આવેલી કાલ્પનિક રેખાઓ (Longitude Line) કહેવાય છે.
- ☞ રેખાંશ પ્રમાણ સમયરેખાનું પરિબળ છે.
- ☞ રેખાંશો પરસ્પર એકબીજાને લંબ હોય છે.
- ☞ રેખાંશો પરસ્પર લંબ હોવાથી ઉત્તર અને દક્ષિણના ગોળાર્ધના દેશોમાં પ્રમાણ સમયક્ષેત્રની (Time Zone) વધુ નોંધાય છે.
- ☞ કુલ રેખાંશોની સંખ્યા : 360
- ☞ **ભારતનું રેખાંશીય સ્થાન :** 68°7' પૂર્વી રેખાંશથી 97°25' પૂર્વી રેખાંશ
- ☞ પૃથ્વીનું ભ્રમણ 360 રેખાંશને પસાર કરતાં 24 કલાક જેટલો સમય વિતાવે છે.

$$\frac{360 \text{ રેખાંશ}}{24 \text{ કલાક}} = 15° \text{ રેખાંશ}$$

$$\frac{60 \text{ મિનિટ}}{15° \text{ અક્ષાંશ}} = 4 \text{ મિનિટ}$$

- ☞ પ્રત્યેક રેખાંશ વચ્ચે સમયનો તફાવત 4 મિનિટ
- ☞ આમ, પ્રત્યેક રેખાંશ વચ્ચે 4 મિનિટનો તફાવત હોવાથી પશ્ચિમ ભારત અને પૂર્વોત્તર ભારતમાં સમયનો તફાવત 116થી 120 મિનિટ અર્થાત 2 કલાક જેટલો નોંધાય છે.

## ❖ પ્રમાણ સમયરેખા

- ☞ 0° ડિગ્રીથી પૃથ્વી પશ્ચિમ ગોળાર્ધ-પૂર્વીય ગોળાર્ધમાં બે ભાગમાં વિભાજિત થાય છે. એ કાલ્પનિક રેખાને પ્રમાણ સમય રેખા/GMT Line કહેવાય છે.
- ☞ પ્રમાણ સમયરેખા લંડનમાં એથેન્સથી પસાર થાય છે. રોયલ વેધશાળા તરીકે ઓળખાય છે.
- ☞ ભારતનો પ્રમાણ સમય ગ્રીનવીચ સમય અને GMT Lineના સમય કરતાં 5 કલાક અને 30 મિનિટ આગળ છે. (5:30)
- ☞ ભારતની પ્રમાણ સમયરેખા 82.5 પૂર્વીય રેખાંશ છે.
- ☞ ભારતના પ્રમાણ સમયરેખા ભૌગોલિક રીતે ભારતના રાજ્યક્ષેત્રના મધ્યમાંથી પસાર થાય છે.
- ☞ ભારતની પ્રમાણ સમયરેખા ભારતનાં કુલ પાંચ રાજ્યોમાંથી પસાર થાય છે. (ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઓડિશા, આંધ્રપ્રદેશ)
- ☞ કર્કવૃત્ત અને પ્રમાણસમય રેખા છત્તીસગઢમાં એકબીજાને પસાર કરે છે. (ઉત્તર પ્રદેશનું મિરઝાપુર/પ્રયાગરાજનું નૈની)

-

Toppersnotes
Unleash the topper in you

## ભારતના અક્ષાંશ અને રેખાંશીય બિંદુઓને નકશામાં દર્શાવો.

